# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

**"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.**
**ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯**
website : www.gujratcongress.org• **E-mail:** gpcc1234@gmail.com


**તા.૩૦.૦૮.૨૦૨૪**

**અધિક મુખ્ય સચિવશ્રી,**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,ગુજરાત સરકાર,**
**બ્લોક નં.૫,નવા સચિવાલય, ગાંધીનગર**

**વિષયઃ રાજ્ય સરકારે ૧૦,૦૦૦ ફાર્મર પ્રોડ્યુસર કંપની (FPO) ની કામગીરી માટે ત્રણ વર્ષમા ત્રણ-ત્રણ વાર એજન્સીઓ તબદીલ કરવા અંગે.**

**નમસ્કાર**

અમોએ આપને તા.૦૮.૦૮.૨૦૨૪ ના રોજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સીસ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો.સી.કે.ટીંબડીયા ગેરબંધારનીય રીતે નિમણુક કરવામા આવી છે તે અંગે ઘટતી કાર્યવાહી કરી તેમને બરતરફ કરવાની માંગ કરેલ, પરંતુ ખેદ સાથે જણાવવાનુ કે આપના તરફથી કોઇ ઉચિત કાર્યવાહી આજ દિવસ સુધી કરવામા આવેલ નથી, રાજ્ય સરકારનુ આ પગલુ બિલકુલ ગેરબંધારણીય અને રાજ્ય સરકારના વહીવટ ઉપર અનેક સવાલ ઉભા કરે છે,તેવી તાકીદ પણ કરેલ હતી.

રાજ્ય સરકાર દ્વારા ખેડુતોના લાભ માટે ૧૦,૦૦૦ ફાર્મર પ્રોડુસર કંપનીઓ ખાનગી કંપનીઓ મારફત ઉભી કરવી અને તેની નોડલ એજન્સી તરીકે **ગુજરાત સરકારની વિનંતીથી તા.૦૩.૧૧.૨૦૨૧** ના રોજ ભારત સરકાર આદેશ અનુસાર ગુજરાત એગ્રો ઇન્ડ.કોર્પોરેશન લી. ને વધારાની કામગીરી સોપવામા આવેલ છે.

**ગુજરાત સરકારની બીજી વિનંતીને ધ્યાને લઈને તા.૨૯.૧૨.૨૦૨૩** ના રોજ ભારત સરકારના આદેશ અનુસાર ૧૦૦૦૦ FPO પ્રોત્સાહક યોજનાને ગુજરાત સ્ટેટ લાઈહુડ પ્રમોશન કંપની (GLPC) ને વધારની કામગીરી સોપવામા આવે છે અને ગુજરાત એગ્રો ઇન્ડ.કોર્પોરેશન લી.ને અગાઉ ફાળવેલ કામગીરીમાથી મુક્ત કરવામા આવે છે.

**ગુજરાત સરકારની તા.૨૬.૦૪.૨૦૨૪ ની ત્રીજી વિનંતીને** ધ્યાને લઈને ભારત સરકારે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સીસ યુનિવર્સિટીને વધારાની અમલીકરણ એજન્સી તરીકે વધારની કામગીરી સોપવાની મંજુરી આપી છે અને અગાઉ ગુજરાત સ્ટેટ લાઈહુડ પ્રમોશન કંપની (GLPC) ને અગાઉ ફાળવેલ કામગીરીમાંથી મુકત કરવામા આવે છે.

FPO ની કામગીરી ગુજરાત એગ્રો ઇન્ડ.કોર્પોરેશન,ગુજરાત સ્ટેટ લાઇવલી હુડ પ્રમોશન કંપની અને ત્યાર બાદ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સીસ યુનિવર્સિટી એમ ત્રણ વર્ષમા ત્રણ ત્રણ વાર તબદીલ કરવાની જરુર કેમ પડી ? આમ આશા કરીએ કે રાજ્ય સરકારના મતે હવે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સીસ યુનિવર્સિટી ઉત્તમ અને અંતિમ નોડલ એજન્સી બની રહેશે અને જેથી ખેડુતોના ઉસ્થાન માટેની આશાસ્પદ કામગીરી થશે

પરંતુ સદરહુ નોડલ એજન્સી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સીસ યુનિવર્સિટી ના વડા કે વાઇસ ચાન્સેલરની વિવાદાસ્પદ નિમણુક થયેલ છે,એ યુનિ. પાસે પોતાની કોલેજમા ટેકનિકલ કે નોન ટેકનિકલ પુરતો સ્ટાફ નથી,યુનિ,ની પુર્ણ રીતે કોલેજ શરુ નથી,વહીવટી માળખાના કોઇ ઠેકાણા નથી માત્ર વાઈસ ચાલ્સેલરની નિમણુક કરીને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સીસ યુનિવર્સિટીની વાહવાહી લુંટવી,સરકારના નાણાનો વ્યય અને સમય બરબાદી છે.

ભારત સરકારશ્રીની ૧૦,૦૦૦ FPO બનાવવાની યોજના વર્ષ ૨૦૨૦-૨૧ અને ત્યારબાદ FPO ની રચના અને કામગીરી માટે CBBO વાર ફાળવણી,બીજનેશ પ્લાનમા કરેલ લક્ષ્યાંક તેમજ રીવાઇઝ કરેલ લક્ષ્યાંકોની વિગતો માટે રાજ્ય સરકાર બિલકુલ પારદર્શક નથી. તે જ મોટા ભ્રષ્ટાચારના સંકેત આપે છે.

એક RTI ની માહિતી અનુસાર CBBO ને ડિસેમ્બર ૨૦૨૩ સુધીમા ૨,૭૨,,૨૦,૦૦૦/- અને ૭૬ FPO ને ૧,૫૭,૨૧,૯૦૫/- રુપિયા ચુકવાય ગયેલ છે તેના બદલામા આ CBBO /FPO દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ કામની વિગતોની ઉચ્ચસ્તરીય તપાસ કરવામા આવે તો કરોડો રુપિયાના ભ્રષ્ટાચારની વિગતો સામે આવી શકે છે. અમો CBBO /FPO ની નિમણુક, નિયુકત ખાનગી એજન્સીનો અનુભવ,તેની કાર્ય પદ્ધતિ,બીજનેશ પ્લાન,સરકારી લક્ષ્યાંક સામે વળતર કામગીરી અને તેમને ચુકવાતા નાણા આ તમામ બાબતોને લઈને  ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરીએ છીએ.

**મનહર પટેલ**
**પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**

**નકલ રવાના ઉચિત કાર્યવાહી માટે સહકાર આપવા સારુ....**

1. **શ્રી એસ જે સોલંકી, ખેતી નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
2. **શ્રી હિતેન્દ્રભાઇ પટેલ,નિયામક મંડળ સભ્ય, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સીસ યુનિવર્સિટી**